प्राकृतमार्गोपदेशिका

कर्ता

अध्यापक बेचरदास जीवराज दोशी

प्रकाशक
शंभुलाल जगशी शाह
गूर्जर ग्रन्थरत्न कार्यालय
गांधीरोड — अमदावाद

प्रथम आवृत्ति
वि. सं. १९९१
मूल्य २-०-०

मुद्रक
मगनलाल लक्ष्मीदास पटेल
श्री सूर्यप्रकाश प्रिन्टींग प्रेस
पीरमशारोड—पानकोर नाका
अमदावाद

कांइक

प्रस्तुत पुस्तकना फरमा सहज जिज्ञासा दृष्टिथी हुं सांभळी गयेलो त्यारबाद पं० बेचरदासे ए विषे कांइक लखवा कह्युं. में वगर विलंबे एनो स्वीकार कर्यो एनुं कारण ए नहि हतुं के हुं प्राकृतभाषा के भाषाओनो सतत तेमज असाधारण अभ्यासी रह्यो छुं, पण ए स्वीकारनुं खरुं कारण पं० बेचरदासना दीर्घकालीन अने सतत प्राकृत भाषाओना अभ्यास तेमज चिंतन विषेनी मारी खात्रीमां रहेलुं हतुं.

एमनी चोवीस वर्ष पहेलां प्रथम लखाएली अने छपाएली 'प्राकृतमार्गोपदेशिका' आ पंक्तिओ लखती वखते में प्रथम ज वार जोई, एनी प्रस्तुत पुस्तक साथे सरखामणी करी. ए उपरांत गूजरात विद्यापीठ तरफथी प्रसिद्ध थयेल एमनुं 'प्राकृत व्याकरण' पण फरी वार जोई गयो. अने हमणां ज एमणे लखेल अने पूंजाभाइ ग्रन्थमाळामां प्रगट थयेल 'जिनागमकथासंग्रह' पण जोई गयो. साथे साथे हमणां हमणां अन्य लेखकोद्वारा गूजराती तेमज संस्कृतमां लखायेलां अने छपायेलां बीजां पण प्राकृत व्याकरण विषयक पुस्तको जोई गयो. आ बधा टूंक पण तटस्थ अवलोकनथी मारा उपर बे छापो मुख्यपणे पडी छे. पहेली ए के बीजा कोइ पण वर्तमान गूजराती लेखकना प्राकृत विषयक पुस्तको करतां पं. बेचरदासना प्राकृत विषयक पुस्तकोमां प्राकृत विषयक अभ्यास वाचन अने चिंतन वधारे दीर्घकालीक, वधारे विशाळ अने विशेषपणे सतत छे. बीजी छाप ए छे के तेमना चिंतनमां स्वतंत्रता विशेष होई सांप्रदायिक पूर्व ग्रहो मात्र संप्रदायने कारणे आडा नथी आवता.

*

पण्डितजीनो पालिविषयक अभ्यास अने तद्विषयक वाचन प्रमाणमां ठीक ठीक होवाथी एमना पुस्तकोमां प्राकृत अने पालिभाषानी सरखामणी समुचित अने साधार छे. तेथी एम कहेवानुं कारण छे के जो प्राकृतना अभ्यासी विद्यार्थीओ प्रस्तुत पुस्तकथी शरू करी चडते क्रमे एमनां बीजां पुस्तको वांचे के शीखे तो प्राकृत भाषाओना सचोट ज्ञान उपरांत साथे पालीभाषानुं पण अमुक अंशे ज्ञान मेळवे, के जे प्राकृत भाषाना अभ्यासी वास्ते खास आवश्यक अने फळद्रुप छे.

प्रस्तुत पुस्तक ए चोवीस वर्ष पहेलां लखायेल प्राकृतमार्गोपदेशिकानो परिपाक छे एटले हवे आ पुस्तक प्रसिद्ध थया पछी ए प्राथमिक आवृत्तिने अभ्यासमां खास स्थान नथी रहेतुं ए कहेवानी भाग्येज जरूर छे. जे जे पाठ्यक्रममां प्रथम छपाएल एमनी मार्गोपदेशिका हती तेमां हवे आ पुस्तक दाखल करवुं दरेक दृष्टिए 'वधारे' उपयोगी सिद्ध थशे.

सुखलाल

परिचय

आ पुस्तकमां में जे क्रम अने रचनापद्धति योजी छे तेनी वीगत नीचे मुजब छेः—

१ प्राकृतप्रत्ययो, धातुओ, नामो अने नामोनां रूपो तथा कृदन्तो आपतां साथे साथे संस्कृत प्रत्ययो, धातुओ, नामो, नामोनां रूपो अने कृदंतो मुकेलां छे.

२ नामोनां अने धातुनां रूपोनी साधनिका बाबत समजुती आपतां तेमां भाषाशास्त्रनी मानिती तुलनादृष्टिने प्रधानपदे राखेली छे.

३ अर्थो आपतां मोटा भागे एवा शब्दो योज्या छे के जेमनां उच्चारणो मूळ शब्दो करतां बहु ओछां जुदां होय.

४ पाछळ खास केटलाक देशी शब्दो उमेर्या छे अने एमना अर्थो पण सरखामणीने लक्ष्यमां राखीने ज उक्त त्रीजी रीते आपेला छे.

[विद्यार्थी साधारण संस्कृत जाणतो होय के सारामां सारुं गूजराती जाणतो होय तो पण आ पाठोद्वारा सरलताथी प्राकृतभाषाने शीखी शके अने प्राकृतसाहित्यना रसने आस्वादी शके ए दृष्टिने ध्यानमां राखीने पाठोमां बधे गूजराती, प्राकृत अने संस्कृतनी सरखामणीनी पद्धति मुख्य राखेली छे. आ पद्धतिमां गोखवानुं घणुं ओछुं रहे छे. संस्कारो जमाववा माटे थोडुं घणुं गोखवुं पण मने अनिवार्य जणाय छे. सरखे सरखा शब्दो काने आवतां विद्यार्थी, व्युत्पत्ति तरफ पण वळशे अने तेवी अभ्यासवृत्ति व्युत्पत्तिने शोधवा जरूर मथशे अने एम करतां करतां ते, गूजरातीनी गंगोत्रीना मूळ पासे जइ पहोंचशे.]

५ जे रूपोनी साधना आचार्य हेमचन्द्रे पण नथी बतावी तेवां आर्ष-रूपोनी पण साधना आ पाठोमां बतावबामां आवी छे.

६ केटलांक अव्ययो अने संख्यावाचक शब्दो माटे खास जुदा जुदा पाठो गोठवेला छे.

७ प्राकृत वाक्यो करतां गूजराती वाक्यो आणी जोईने ज वधारेलां छे. विद्यार्थीनी बुद्धि प्राकृत भाषाने समजवाने ठीक ठीक व्यायाम मागे छे अने एवो व्यायाम ए वाक्योद्वारा मळी रहे छे माटे ज गूजराती वाक्यो वधारे मुकेलां छे. छतां जे शिक्षको अने कुशाग्र-बुद्धिवाळा विद्यार्थिओ ए व्यायामने न इच्छे तो तेम करवानी तेमने पूरती छूट छे.

८ सारांश अने प्रश्नो आरम्भना ज भागमां मूकेला छे तेथी नवा नवा पाठो आवे त्यारे तेने अनुसरी सारांश अने प्रश्नो शिक्षकोए के विद्यार्थिओए ऊपजावी काढवाना छे.

९ पाठोना टिप्पणोमां वर्णविकारना मुख्य मुख्य बधा नियमो जणावी दीधा छे. ए बधा नियमोनुं मूळ, आदेश अने स्थानिनी समानतामां छे. जेमके–स्थानी 'प' होय, तो तेनो आदेश 'व' थाय छे. 'प' नो 'व' थवानुं कारण 'प' अने 'व' बन्नेनुं एक सरखुं ओष्ठ स्थान छे ए छे. ए ज रीते 'ए' नो 'इ' 'ओ' नो 'उ' 'ट' नो 'ड' 'ठ' नो 'ढ' 'य' नो 'ज' 'ह' नो 'घ' वगेरे विकारो विशे समजवानुं छे. उच्चारण करनार व्यक्ति, एकने बदले बीजुं बोलतां स्वाभाविक रीते घणे भागे मळतेमळतुं बोले छे एथी ज शब्दोना उच्चारणोमां फरक पण सरखेसरखा पडतो आवे छे संयुक्त अक्षरोमां पण पूर्ववर्ती के परवर्ती वर्णनी समानताना धोरणे परिवर्तन थाय छे, 'ट' ने बदले 'क' बोलनारो के 'क' ने बदले 'भ' बोलनारो भाग्ये ज मळी शकशे ए ध्यानमां राखवानुं छे, परिवर्तननो आ एक महानियम ध्यानमां राखवाथी बधा उच्चारणभेदोनो स्फोट सहजमां थई जशे.

शिक्षक, उक्त नवे मुद्दाओने लक्ष्यमां राखीने शीखवशे अने विद्यार्थी पण ते मुद्दाओने ते रीते बराबर समजीने शीखशे तो कोइने निष्फळता मळवानो संभव नथी.

वर्णविकारना नियमो समजावतां उक्त महानियम तो न ज भुलाय. परंतु ते माटे आपेलां उदाहरणो उपरांत बीजां पण उदाहरणो शिक्षक जरूर शोधी शके एक विकार थया पछी तेना उपर बीजा बीजा विकारो केवी केवी रीते थाय छे ते समजाववा भाषाना ग्रामीण शब्दो बहु उपयोगी थशे. ते उपरांत हिंदी, मराठी अने बंगाळी भाषाना शब्दो पण बहु रुचिकर नीवडशे.

उच्चारणभेद थाने वर्णविकार थवानां कारणोमां बोलनारानां शरीर उपर थती भौगोलिक असर, उच्चारणस्थानोमां थता फेरफारो, स्पष्ट उच्चारणने माटे जोइता शारीरिक बळनो ह्रास लखनाराओनी बेदरकारी, परंपराने ज मान्य राखवानो आग्रह, बीजी प्रजानो सहवास, धर्मक्रांति राजसत्ता, भाषा संबंधी आदरनो घटाडो, पंडितोनो उन्माद, छेका मारेला शब्दो उपरथी नवा शब्दोनी कल्पना, वांचनाराओनो भ्रम, लखेलु तेवु ज वांचवुं, अनुवाद करवामां असावधानता वगेरे अनेक कारणो छे ते तरफ शिक्षके विद्यार्थीनुं ध्यान खेंचवुं.

आ रीते स्पष्टतापूर्वक शीखववाथी भाषाना भेदोनो कोयडो आपोआप ऊकली जशे अने ए भेदोमांथी प्रकटेली ए अस्मिता पण शमी जशे.

पाछला पाठोमां पर्यायवाची समान हिंदी शब्दो, मराठी शब्दो अने बंगाळी शब्दो आपी जुदा जुदा अनेक मोटा पाठो उमेरवा धारेलुं पण सत्वरताने कारणे ते नथी बनी शक्युं, किंतु हवे पछीना संस्करणमां तेनुं स्थान जरूर रहेशे.

ते ते पाठोमां वपराएला शब्दोनो कोश पुस्तकने प्रांते संस्कृत पर्याय अने अर्थ साथे मुकेलो छे. तेमां नामोनो विभाग जाति प्रमाणे

करेलो छे, विशेषणो, अव्ययो, संख्यावाची शब्दो अने धातुओनो पण कोश ते ते विभागे गोठवेलो छे. पछी बे फारम जेटलुं सरळ गद्यपद्य मुकेलुं छे अने त्यार पछी तेनो पण सळंग कोश मुकेलो छे.

पाठोमां आवेला शब्दकोशनी योजना मारा विनयी विद्यार्थी पं. शांतिलाल वनमाळी शेठ-न्यायतीर्थे करेली छे ते अर्थे तेनुं अहीं संस्मरण करुं छुं.

काशीविश्वविद्यालयमां जैनदर्शनशास्त्रना अध्यापक ख्यात दर्शनशास्त्री सुहृद्वर पंडित सुखलालजीए पुस्तकना आरंभमां 'कांइक' लखी आपी पुस्तकने आशीर्वाद आप्यो छे ए बदल हुं शुं लखुं ते ज सूझतुं नथी.

अनुभवी शिक्षको अने अभ्यासी विद्यार्थीओ आ पाठोने शीखतां पोतपोतानी नोंधो अवश्य लखी राखे अने प्रसंग पडये मने ए नोंधो सूचववा लक्ष्य राखे तो हुं मने ठीक ठीक जाणी शकीश.

आ पुस्तकने प्रकाशमां लाववानुं साहस गूर्जरग्रंथरत्नकार्यालयना प्रख्यात मालिक भाइ शंभुलाल जगशीए खेडयुं छे ते माटे ते पण स्मरणार्ह छे.

वैशाख शुद. ३ }
अमरेली-काठियावाड }

बेचरदास जीवराज दोशी

एक खुलासो

पुस्तकने पहेले ज पाने लखेलुं छे के—" उच्चारणोनुं ए परिवर्तन वैदिक संस्कृतमांय छे अने प्राकृतमांय छे." (पं० ११-१२)

आ वाक्यनो आशय, ए बन्ने भाषामां परिवर्तनो थवा पाम्यां छे एम जणाववानो छे, पण ए बन्नेमां एक सरखां ज परिवर्तनो छे एम बतावववानो नथी.

आरंभमां आपेला परिचयमां परिवर्तननो जे एक व्यापक महा-नियम जणावेलो छे ते उक्त बन्ने भाषाने लागु पडे छे ए दृष्टिए उक्त वाक्य लखायुं छे. आ संबंधी विशेष विगत माटे आर्यविद्या-व्याख्यानमाळामांनुं 'प्राकृतभाषा अने साहित्य' नामनुं मारुं व्याख्यान जोई जवुं घटे अने आर्षप्राकृतनी समजूती माटे विद्यापीठ द्वारा प्रकाशित मारा प्राकृत व्याकरणनी प्रस्तावना पण वांचो जवी जोईए.

અનુક્રમણિકા

पितरौ वन्दे।

प रि च य

वैदिक (वेदोनी मूळ) भाषानुं अने प्राकृत भाषानुं मूळ बंधारण घणुं मळतुं आवे छे. ते बेमां मोटो भेद उच्चारणनो छे अने ए भेदने लीधे ते बन्नेने जुदी जुदी भाषा समजवामां आवी छे - गणवामां आवी छे.

वैदिक संस्कृतमां असंयुक्त अने संयुक्त बन्ने प्रकारना व्यंजनोनो ठीक ठीक व्यवहार छे. ते व्यंजनोमांना केटलाएकनुं उच्चारण अधिक क्लिष्ट छे अने केटलाएक सहज रीते वेगपूर्वक बोलतां एक बीजामां मळी जाय छे वा रूपांतर पामे छे के घसाइ जइ स्वरावशेषी बने छे. उच्चारणोनुं ए परिवर्तन वैदिक संस्कृतमांय छे अने प्राकृतमांय छे. तेथी सहज अने सुखरूप उच्चारणोथी टेवायेला प्राकृत बोलनारा लोको, अर्थनो विपर्यास न थाय तेवी रीते, ते ते असंयुक्त वा संयुक्त व्यंजनोवाळा शब्दोने सरळ उच्चारणपूर्वक व्यवहारमां लावतां विशेषे करीने उक्त परिवर्तनने वशवर्ती होय छे.

सरळ उच्चारण माटे क्यांय कोइ व्यंजननो धीरे धीरे ह्रास थतो आवे छे अने क्यांय बेमांथी एक व्यंजनने जतो करवो पडे छे - ते आपोआप सरी जाय छे. ए असंयुक्त वा संयुक्त व्यंजनोनुं उच्चारण जे जे रीते सरळ थयेलुं छे ते बधी रीतो हवे पछीना पाठोमां आवनारी छे.

प्राकृतभाषा, संस्कृत करतां वधारे व्यापक अने मधुर गणाई छे तेनुं कारण ते एनी सरळता ज छे.

प्राकृतभाषा, केटली बधी सरळ अने सुखपूर्वक बोली शकाय तथा लखी शकाय तेवां उच्चारणोवाळी छे तेनी विशेष समजण माटे अने संस्कृत तथा प्राकृत ए बन्ने भाषा वच्चेना उच्चारणभेदनो स्पष्ट ख्याल विद्यार्थीओने आवे ते सारु प्रत्येक स्थळे संस्कृत साथे तेनी तुलना करी बतावी छे.

तुलनात्मक संस्कृत अने प्राकृत शब्दो उपरांत तेने मळता वा तेमांथी नीपजेला अर्थसूचक गूजराती शब्दो पण साथे साथे जणावेला छे – आ बधुं भाषानी सरखामणीनी दृष्टिए अभ्यास करनार विद्यार्थीने उपयोगी थशे अने आ पद्धतिथी प्राकृत भाषानो अभ्यास पण सुकर बनशे

प्रयोजन

जेमनुं मूळ – उद्‌भवस्थान प्राचीन आर्यभाषामां छे तेवी गूजराती, मराठी, बंगाळी अने हिंदी वगेरे आर्यपेढीनी भाषाओनो तुलनात्मक अभ्यास करवा सारु अने ए प्रांतिक भाषाओनी मौलिक एकताद्वारा समस्त प्रजानुं ऐक्य समजवा – साधवा – सारु प्राकृत भाषाना अभ्यासनुं विशेष महत्त्व छे.

जूनी गूजराती, मराठी, बगाळी के हिंदीने सारी रीते समजवा माटे अने उक्त ते ते भाषाना प्राचीन वा अर्वाचीन प्रत्येक शब्दनो क्रमविकास शोधवा अने ते द्वारा शुद्ध इतिहास उत्पन्न करवा पण प्राकृतना अभ्यासनी उपयोगिता छे.

भारतीय तपस्वीओना आध्यात्मिक विचारो जेम संस्कृत उपनिषदादिमां जळवायेला छे तेम प्राकृतभाषाना साहित्यमां पण जळवायेला छे तो ते बधाने समजवा अने सर्वधर्मसमभावना जीवनहितैषी उदार सिद्धान्तने विशेष रीते लक्ष्यमां लाववा पण प्राकृतभाषाओना अध्ययननो अति अगत्य छे.

जेटलो फेर गोहिलवाडी अने झालावाडी भाषामां छे या चरोतरनी अने पंचमहालनी भाषामां छे तेटलो ज फेर प्राकृतभाषामां - पाली अने प्राकृतमां, मागधी अने शौरसेनी वगेरेमां - छे तेथी एक मात्र प्राकृतने सारी रीते शीखी जवाथी पाली वगेरे बीजी बीजी प्राचीन शास्त्रीय भाषाओनुं ज्ञान सहेजे सहेजे थई जाय छे.

मूळ जैन सिद्धांतो प्राकृतभाषामां छे अने बौद्ध सिद्धांतो पाली भाषामां छे तेथी बौद्ध अने जैन धर्मना अभ्यासीए तो आ भाषा जरूर शीखी लेवी जोइए.

वर्णविज्ञान

स्वरा

ह्रस्व	दीर्घ	उच्चारणोनुं स्थान
अ	आ	कंठ अने नासिका
इ	ई	तालु अने नासिका
उ	ऊ	ओष्ठ-होठ-अने नासिका
	अ+इ=ए	कंठ अने तालु तथा नासिका
	अ+उ=ओ	कंठ अने होठ तथा नासिका

स्वरनुं प्लुत उच्चारण प्राकृतभाषाना व्यवहारमांथी जतुं रह्युं छे.

जे वर्ण, कंठमांथी बोलाय ते कंठ्य, तालुमांथी बोलाय ते तालव्य, ओष्ठमांथी बोलाय ते ओष्ठ्य अने ए बन्नेमांथी बोलाय ते कंठ्यतालव्य के कंठ्यौष्ठ तथा नासिकामांथी बोलाय ते नासिक्य-अनुनासिक कहेवाय. कंठ एटले गळुं, तालु एटले ताळवुं.

स्वरो बधा अनुनासिक छे पण तेमनुं ते जातनुं उच्चारण स्थलविशेषमां ज थाय छे, बधे नहि.

ह्रस्व 'ऋ' ने बदले विशेषे करीने 'अ' थी अने क्यांय क्यांय 'इ' वा 'उ' थी काम चाले छे.

'लृ' ने बदले 'इलि' नुं उच्चारण प्रचलित छे.

'ऐ' तो मात्र एक 'अयि' अव्ययने बदले वपराय छे बीजे क्यांय तेनो प्रयोग ज नथी. तेम 'औ' नो पण प्रयोग नथी. 'ऐ' ने बदले 'ए' वा 'अइ' थी काम सरे छे अने 'औ' ने बदले 'ओ' के 'अउ' थी व्यवहार थाय छे.

केटलाक वैयाकरणो कहे छे के 'ऐ' अने 'औ' नो प्रयोग प्राकृतमां छे.

'एक्को' 'सेव्वा' 'सोत्तं' 'सो च्चिअ' वगेरे शब्दोमां आवेला 'ए' अने 'ओ' एकमात्रिक छे – ह्रस्व छे – एम आचार्य शुभचंद्र जणावे छे अने उच्चारणनी दृष्टिए ए छे पण बराबर.

व्यंजनो

	वर्ग	स्थान
क् ख् ग् घ्	क वर्ग	कंठ–कंठ्य
च् छ् ज् झ्	च वर्ग	तालु–तालव्य
ट् ठ् ड् ढ् ण्	ट वर्ग	मूर्धा–माथुं–मूर्धन्य
त् थ् द् ध् न्	त वर्ग	दंत–दांत–दंत्य
प् फ् ब् भ् म्	प वर्ग	ओष्ठ–होठ–ओष्ठ्य
य्		तालव्य
र्		मूर्धन्य
ल्		दंत्य
व्		दंत्य–ओष्ठ्य
स्		दंत्य
ह्		कंठ्य

ङ् ञ् ण् न् म् नासिका–अनुनासिक

य् ल् व् ” ”

‘ सङ्खो ’ ‘ अञ्जणं ’ वगेरे शब्दोमां ‘ङ’ अने ‘ञ्’ मात्र पोताना वर्गना व्यंजनो साथे संयुक्त होय त्यारे ज व्यवहारमां आवे छे, पण तेमनो उपयोग प्राकृतमां स्वतंत्र नथी. माटे तेमने वर्गीय व्यंजनो गणावतां गणावेला नथी. संस्कृतमां पण तेमनो स्वतंत्र प्रयोग नहि जेवो ज छे.

‘क्क’ ‘ज्ज’ वगेरे सजातीय संयुक्त व्यंजनोनो प्राकृतमां खूब प्रचार छे अने केटलाक अपवादोमां विजातीय संयुक्त व्यंजनोनो पण उपयोग थयेलो छे, एवा व्यंजनोमां ‘न्ह’ ‘म्ह’ ‘ण्ह’ अने ‘ल्ह’ मुख्य छे. जैनसूत्रोमां क्यांय ‘ स्म ’ नो पण उपयोग थयेलो छे. आ सिवाय ‘क्व’ ‘क्त’ वगेरे विजातीय संयुक्त व्यंजनोनो प्राकृतमां क्यांय उपयोग नथी.

विसर्गनो तो प्राकृतमां प्रयोग ज नथी.

‘ कण्ठ ’ ‘ तन्तु ’ अने ‘ थम्भ ’ वगेरे शब्दोमां ‘ ण् ’ ‘ न् ’ अने ‘ म् ’नो उपयोग तो छे ज पण ते त्रणे स्वतंत्र पण वपराय छे. जेमके – गुण, हीण, मुणि. नमी, नाह, नई. मुह, मउड, मोण वगेरे.

[यादीः—‘ कण्ठ ’ ‘ तन्तु ’ ‘ थम्भ ’ वगेरे शब्दोमां ‘ ण् ’ ‘ न् ’ अने ‘म्’नुं नासिकास्थान ज छे त्यारे ‘ गुण ’ ‘ नई ’ ‘ मउड ’ वगेरे शब्दोमां तो तेओ वर्गीय अक्षर तरीके होवाथी तेमनुं वर्गोक्त ते ते स्थान छे, ए भेद ध्यानमां राखवानो छे.]

पाठ १ लो

वर्तमानकाळ

एकवचनना प्रत्ययो

१ पुरुष	मि	(मि)
२ ,,	सि, से	(सि, से)
३ ,,	ति, इ ते, ए	(ति) (ते)

धातु

१ आ आखा पुस्तकमां ( ) आवा गोळ चिह्नमां मूकेलां प्रत्ययो, धातुओ के नामो वा तेमनां रूपो संस्कृत भाषानां समजवां. सरखामणीनी अने उच्चारणना भेदनी समजण माटे ए बधां अहीं जणावेलां छे.

२ संस्कृतमां धातु एटले मूळ धातु अर्थात् जेने गणसूचक विकरण नथी लागेलो एवो शुद्ध धातु समजाय छे त्यारे प्राकृतमां ते करतां प्रायः ऊलटी स्थिति छे एटले के संस्कृतमां गणभेदने लीधे धातुओने जे जुदा जुदा विकरण प्रत्यय लागे छे ते जुदा जुदा विकरण जेमने लागेला छे तेवा ज घणा धातुओ प्राकृतमां मूळ धातुनुं स्थान ले छे. तात्पर्य ए छे के अमुक अमुक गणने सूचवनारा ते जुदा जुदा विकरणो प्राकृतमां धातुना अंगरूप बनी धातुमां मळी गया छे अने आम छे माटे ज प्राकृतमां कोइ प्रकारनो गणभेद नथी रह्यो.

उक्त हकीकत आ नीचेना कोठा उपरथी वधारे स्पष्ट थशे :

संस्कृत-गण	मूळ धातु	विकरणवाळो संस्कृत धातु	प्राकृत धातु
१	वृष्	वृष्+अ=वर्ष	वरिस्
,,	भू	भू+अ=भव	भव हव्
,,	पा	पा+अ=पिब	पिब् पिय्
४	सिध्	सिध्+य=सिध्य	सिज्झ्
,,	सिव्	सिव्+य=सिव्य	सिव्व्
,,	क्षुभ	क्षुभ्+य=क्षुभ्य	खुब्भ्
५	चि	चि+नु=चिनु	चिण्
,,	धु	धु+नु=धुनु	धुण्
६	मुच्	मुच्+अ=मुञ्च	मुञ्च
,,	सिच्	सिच्+अ=सिञ्च	सिञ्च्
,,	लिप्	लिप्+अ=लिम्प	लिम्प्
७	रुध्	रुध्+न=रुणध्	रुन्ध्
,,	भिद्	भिद्+न=भिनद्	भिन्द्
,,	छिद्	छिद्+न=छिनद्	छिन्द्
९	लू	लू+ना=लुना	लुण्
,,	पू	पू+ना=पुना	पुण्
,,	ग्रह्	ग्रह्+ना=गृह्णा	गिण्ह्
१०	कथ्	कथ्+अय=कथय	कहे कह
,,	चुर्	चुर्+अय=चोरय	चोरे चोर्
,,	तर्ज्	तर्ज्+अय=तर्जय	तज्जे तज्ज्

वळी, आत्मनेपदी, परस्मैपदी, उभयपदी एवो धातु सबंधे जुदो जुदो विभाग संस्कृतमां छे. अने एम छे माटे ते दरेक संबंधी प्रत्यय पण जुदा जुदा छे. त्यारे प्राकृतमां तेवो ए..ई जातनो विभाग हयाती धरावतो नथी.

हरिस् (हर्ष्) हरखवुं–हर्ष थवो
वरिस् (वर्ष्) वरसवुं.
करिस् (कर्ष्) कर्षवुं–खेंचवुं–काढवुं, खेडवुं
मरिस् (मर्श्) विमासवुं–विचारवु
घरिस् (घर्ष्) घसवुं–घामा थवु
गरिह् (गर्ह्) गरहवुं–निंदवु
जेम् (जेम्) जमवु.
देक्ख् (दृश्) देखवु
पुच्छ् (पृच्छ्) पूछवु
जाण् (जाना) जाणवु

मरिस् (मर्ष्) सहवुं–क्षमा राखवी
घरिस् (घर्ष्) घसवुं
तुरिय् (तूर्य) त्वरा करवी–उतावळा थवुं, तुरत करवुं
अरिह् (अर्ह्) योग्य थवु.
पुरिय् (पूर्य) पूरवुं–बूरवुं–भरवु–पूरु करवुं
कर् (कर्) करवुं
वंद् (वन्द्) वांदवु–नमवुं
पड् (पत्) पडवुं
नस्स् (नश्य) नासवुं, भागवु–नाश थवो.

आम छे तेथी उपर्युक्त पुरुषबोधक प्रत्ययो धातुमात्रने एक सरखा लागे छे. ए प्रत्ययोमां संस्कृतना आत्मनेपदी वगेरे प्रत्ययो वा तेमना अवशेषो समायेला छे. ए सरखामणीनी दृष्टिए जोतां सहज रीते समजाय एवु छे.

३ ( ) आ चिह्नमां मूकेला संस्कृत धातुओ 'र्ष' 'र्श' 'र्य' अने 'र्ह'वाळा छे. प्राकृत बोलनारा 'र्ष' अने 'र्श'ने 'रिस' 'र्य' ने 'रिय' अने 'र्ह' 'रिह' करीने व्यवहारमां लावता. आ उपरथी एवो नियम फलित थाय छे के 'र्ष' 'र्श' 'र्य' अने 'र्ह' नो प्राकृतमां व्यवहार करतां 'र्'मां 'इ' उमेरवो एटले 'र्ष' के 'र्श'ने बदले 'रिस' – र्+इ+ष=रिस, 'र्य'ने बदले 'रिय' अने 'र्ह' ने बदले 'रिह' समजवुं. जेमके—

र्ष–	वर्ष–वरिस	र्ह–	अर्ह–अरिह	र्य–	पूर्य–पुरिय
	वर्षम्–वरिसं		अर्हन्–अरिहंतो		तूर्य–तुरिय
र्श–	मर्श–मरिस		गर्हा–गरिहा		सूर्यः–सुरियो
	दर्शनम–दरिसणं				

१ मि, ति, न्ति वगेरे पुरुषबोधक प्रत्ययो लगाडतां पहेलां छेडे व्यंजनवाळा धातुओने विकरण 'अ' लगाडवामां आवे छे. जेमके :- वंद् + ति - वंद् + अ + ति = वंदति.

२ बीजा पुरुष एकवचननो 'से' अने त्रीजा पुरुष एकवचननो 'ए' के 'ते' ए बन्ने प्रत्ययो 'अ' छेडावाळा धातु सिवाय बीजा कोइ धातुओने लागता नथी. जेमकेः- वंद् + अ + से = वंदसे.

वंद् + अ + ते = वदते, वंद्+अ+ए=वदए.

प्रत्युदाहरण - जा+सि=जासि.

जा+ति=जाति, जा+इ=जाइ.

[यादी :-' वंद् 'नुं ' वदसे ' अने ' वंदते ' के ' वंदए ' थाय त्यारे ' जा ' धातुनं मात्र ' जासि ' अने ' जाइ ' के ' जाति ' थाय पण ' जासे ' अने ' जाए ' के ' जाते ' न थाय.]

३ 'म'थी शरू थता प्रथम पुरुषना प्रत्ययोनी पूर्वना अंगना 'अ'नो 'आ' विकल्पे थाय छे. जेमकेः- वंद्+अ+मि-वंदामि, वंदमि.

४ पुरुषबोधक प्रत्ययोनी पूर्वे रहेला धातुना अंगना 'अ'नो 'ए' विकल्पे थाय छे. जेमकेः- वंद् + अ + ति - वंदेति, वंदति.

रूपाख्यान

१ पु० वंदमि, वंदामि, वंदेमि[४]

---

४ 'वंदे' रूप प्रथम पुरुषना एकवचनमां संस्कृतमां प्रसिद्ध छे तेम प्राकृतमां पण तेनुं ते ज रूप कांई पण फेरफार विना वपराय छे. जेमकेः-

'उसभमजिअं च वंदे' एटले ऋषभदेव अने अजितनाथने वंदन करुं छुं.

२ पु० वंदसि, वंदेसि,
वंदसे, वंदेसे

३ पु० वंदति, वंदेति, वंदइ, वंदेइ,
वंदते, वंदेते, वंदए, वंदेए

वाक्यो

वांदुं छुं	पडुं छुं	हरखुं छुं
[ ] वांदे छे	घसुं छुं	[तुं] सहे छे
वांदे छे	घसे छे	नाश पामे छे
घसुं छुं	[तुं] घसे छे	खेंचे छे
सहे छे	पूछुं छुं	गरहे छे
[तुं] जमे छे	[तुं] जाणे छे	सहु छुं
करुं छुं	पडे छे	[तुं] घसे छे
करे छे	तरत करुं छुं	जमु छुं
[ते] हरखे छे	खेंचुं छुं	विचारे छे
[तुं] करे छे	वरसे छे	भरुं छुं
देखुं छुं	गरहु छुं	विचारु छुं
[ते] देखे छे	योग्य थाय छे	[तुं] पूरे छे
		[ते] तरत करे छे

वंदामि	अरिहंते	वदते	मरिसेति
करिससे	पुच्छामि	हरिससि	तुरियसि
धरिसमि	नस्ससि	मरिसामि	नस्सामि
हरिसेमि	धरिसइ	अरिहसे	हरिसए
वरिसति	करते	गरिहेइ	पडामि
देक्खसि	जाणसि	पुरियते	तुरियेमि
गरिहामि	करिससि	जेमति	

पाठ २ जो

लोकव्यापक कोई पण भाषामां द्विवचनने बतावचा माटे खास जुदा प्रत्ययो जणाता नथी. ए प्रमाणे लोकव्यापक प्राकृतभाषामां पण द्विवचनना दर्शक जुदा प्रत्ययो नथी तेथी एकवचन पछी लागला ज बहुवचनना प्रत्ययो आपवामां आव्या छे. परतु ज्यारे द्विवचननो अर्थ सूचववो होय त्यारे क्रियापद के नाम साथे द्विवचनदर्शक 'द्वि' शब्दनां प्राकृतरूपोनो उपयोग करवो पडे छे. ते रूपो आ प्रमाणे छे:

[5]दुण्णि

विण्णि, बिण्णि

दो (द्वौ)

दुवे (द्वे)

बे, वे (द्वे)

प्रयोग : बे सिक्खामो – अमे बे सीखीए छीए.

---

५ सयुक्त अक्षरनी पूर्वे आवेला 'इ' ने स्थाने प्रायः 'ए' थाय छे अने संयुक्त अक्षरनी पूर्वे आवेला 'उ' ने स्थाने प्रायः 'ओ' थाय छे. जेमके:—

इ—वि+ण्णि=वेण्णि, विण्णि. वि+ट्ठी=वेट्ठी, विट्ठी – विष्टिः.

उ—दु + ण्णि = दोण्णि, दुण्णि. पु + त्थिआ=पोत्थिआ, पुत्थिआ–पुस्तिका.

'दु' शब्दनां जे रूपो उपर जणाव्यां छे तेमांथी कतरी आवेलां रूपो आज पण जुदी जुदी लोकभाषामां प्रचलित छे जेमके:—

वर्तमान काळ [चालु]

बहुवचनना प्रत्ययो

१ पु०	मो, मु, म, म्ह	(मः, महे)
२ पु०	ह, इत्था	(थ, ध्वे)
३ पु०	न्ति, न्ते, इरे	(न्ति, न्ते)

धातुओ

[६]खुब्भ् (क्षुभ्य) खोभवुं-छोभवुं-खळभळवुं-क्षोभ थवो-गभरावुं
कुप्प् (कुप्य) कोपवु-कोप करवो
सिव्व् (सिव्य) सीववुं
खिप्प् (क्षिप्य) खेपवुं-खेववुं-फेंकवुं
लुट्ट (लुट्य) लोटवु-आळोटवु
दिप्प् (दीप्य) दीपवुं
गच्छ् (गच्छ) जवुं
बोल्ल् (ब्रू) बोलवुं

बे, बे	गुजराती—बे
बिण्णि, बेण्णि	,, बन्ने
दो	हिंदी—दो
दुण्णि, दोण्णि	मराठी—दोन
दुवे	बंगाली—दुई

६ प्राकृतमां जेम 'इरे' प्रत्ययनो उपयोग छे तेम पाळी भाषामां 'गच्छरे' वगेरे प्रयोगोमां 'रे' प्रत्ययनो व्यवहार छे. पचेरन् – पच + ईरन् – वगेरे प्रयोगोमां विध्यर्थ सूचक 'ईरन्' प्रत्ययनो उपयोग संस्कृतमां पण छे.

७ संयुक्त व्यंजनमां परवर्ती 'य' नो लोप थाय छे अने लोप थतां बाकी रहेलो शब्दनी अंदरनो ज व्यंजन बेवडाय छे. जेमकेः—कुप्य–कुप्–कुप्प्. दीप्य–दिप्–दिप्प्. सीव्य–सिव्–सिव्व्. जुओ टिप्पण ९मुं.

[8]लव् (लप्) लववुं–बोलवुं
तव् (तप्) तपवु–संताप थवो, तप करवुं
दीव् (दीप्) दीपवुं
जव् (जप्) जपवुं–जाप करवो
वेव् (वेप्) वेपवुं–कंपवुं–ध्रजवुं
सव् (शप्) शापवुं–शाप देवो
खिव् (क्षिप्) खेपवुं–खेववुं–फेंकवुं

५ 'म 'थी शरू थता प्रथम पुरुषना बहुवचनना प्रत्ययोनी पूर्वना अंगना 'अ 'नो 'इ ' विकल्पे थाय छे. जेमकेः—सिव्व् + अ + मो = सिव्विमो, सिव्वामो, सिव्वमो [जु० पा० १ नो नि० ३]

रूपाख्यान

१ पु०	वंदमो,	वंदामो,	वंदिमो,	वंदेमो
	वंदमु,	वंदामु,	वंदिमु,	वंदेमु
	वंदम,	वंदाम,	वंदिम,	वंदेम
	वंदम्ह,	[1]वंदम्ह,	वंदिम्ह,	वंदेम्ह

[यादी:—लोप थतां बाकी रहेला ख, घ, छ, झ, ठ, ढ, थ, घ, फ अने भ ने बदले अनुक्रमे क्ख, ग्घ, च्छ, ज्झ, ट्ठ, ड्ढ, त्थ, द्ध, प्फ अने ब्भ थाय छे. जेमके:–क्षुभ्य+क्षुभ्–खुब्भ् वगेरे.]

८ पदनी अंदर रहेला असंयुक्त 'प ' ने बदले 'व ' नो व्यवहार थाय छे. जेमकेः—

लप् – लव्. दीप् – दीव्. तप् – तव्.

दीपः–दीवो. गोपालः–गोवालो. तापः–तावो. अपि–अवि.

९ संयुक्त अक्षरनी पूर्वे आवेला दीर्घ स्वरने बदले ह्रस्व स्वरनो व्यवहार थाय छे. जेमके—

२ पु० वंदइत्था, [10]वंदित्था, वंदेइत्था, वंदेत्था
वंदह, वंदेह
३ पु० वंदंति, वंदेंति
वंदंते, वंदेंते
वंदइरे, वंदेइरे, वंदिरे

वाक्यो

[अमे बे] सीवीए छीए
जपो छो
[तमे बे] सीवो छो
,, बोलो छो
कोपो छो
जाउं छुं
दीपे छे
जपुं छुं
[तमे बे] दीपो छो
[तेओ बे] गभराय छे

[तुं] बोले छे
[अमे बे] बोलीए छीए
[तमे बे] फको छो
[तेओ बे] लवे छे
बोलीए छीए
सीवे छे
[तेओ बे] फेंके छे
[तमे बे] शाप दो छो
[तेओ बे] सीवे छे
[अमे बे] जपीए छीए

वंदा+म्ह = वंदम्ह – वन्दामहे. जा+न्ति = जन्ति – यान्ति.
बे+न्ति = बिंति – ब्रुवन्ति. दे+न्ति = दिंति – दा+अन्ति.
नरेन्द्रः – नरिन्दो. आम्रः–अम्बो.

१० ज्यारे एक पदमां बे स्वर लगोलग आव्या होय त्यारे पूर्वना स्वरनो प्रायः लोप थाय छे. जेमकेः–वंद+इत्था = वंदित्था. वंद+इरे=वंदिरे. ब्रु+एमि = बेमि. दा+एमि = देमि.

नर + ईसरो = नरीसरो, नरेसरो – नरेश्वरः. जिण+इंदो = जिणिंदो, जिणेंदो – जिनेन्द्रः.

(अमे बे) आळोटीए छीए
गभराउं छुं
सीवे छे
वांदीए छीए
कंपीए छीए
बोलीए छीए

कोपीए छीए.
[तेओ बे] जपे छे
[तेओ बे] तपे छे
[अमे बे] गभराइए छीए
[तुं फेंके] छे
आळोटीए छीए

बे वंदामो
वेवेम्ह विण्णि
गच्छंति
खिप्पित्था दोण्णि
खुब्भित्था दो
खुब्भेमु

जवेत्था दु
खिवामि
लुट्टामि
लवेम
लुट्टह दुण्णि
कुप्पेह

गच्छम्ह
वंदह
जविम दो
सविरे
सिव्वमो बेण्णि
वंदेम
बोल्लमु

पाठ ३ जो

वर्तमानकाळ [चालु]

सर्व पुरुष }
सर्व वचन } ज्ज, ज्जा

६ आ बे प्रत्ययो धातु मात्रने सर्व पुरुष अने सर्व वचनमां लागे छे. अने तेमनी पूर्वे आवेला अंगना अंत्य 'अ' नो 'ए' थाय छे. जेमकेः—

वंद् + ज्ज = वंदेज्ज. वंद् + ज्जा = वंदेज्जा.

वंदेज्ज }
वंदेज्जा } घटले हुं वांदुं छुं, अमे वांदीए छीए
तुं वांदे छे, तमे वांदो छो
ते वांदे छे, तेओ वांदे छे

धातुओ

दा (दा) देवुं
वा (वा) वावुं
पा (पा) पीवुं
गा (गा) गावुं
जा (या) जावुं.

ठा (स्था) स्थिर रहेवुं ऊभा रहेवुं–बेसी रहेवुं
झा (ध्या) ध्यावुं
धा (धाव्) धावुं–दोडवुं

खा (खाद्) खावुं
हा (हा) हीण थवुं–तजवुं
बू (ब्रू) बोलवुं
हो (भू) होवुं–थवुं

७ पुरुषबोधक प्रत्ययो लगाडतां पहेलां अकारांत सिवायना स्वरांत धातुओने विकरण 'अ' विकल्पे लागे छे. जेमकेः—

खा + इ – खा + अ + इ = खाअइ, खाइ
धा + इ – धा + अ + इ = धाअइ, धाइ

८ पुरुषबोधक प्रत्ययो लगाडतां पहेलां स्वरांत धातुओने 'ज्ज' अथवा 'ज्जा' विकल्पे लागे छे. जेमके—

हो + इ – हो + ज्ज + इ = होज्जइ, होइ

हो + इ – हो + ज्जा + इ = होज्जाइ, होइ

रूपाख्यान

होइ, होज्जइ, होज्जेइ, होज्जाइ, होज्ज, होज्जा } विकरण रहित

होअइ, होएइ, होएज्जइ, होएज्जेइ, होएज्जाइ, होएज्ज, होएज्जा } 'अ' विकरण सहित

'अस्' = 'विद्यमान होवुं' धातुनां अनियमित रूपो

	एकवचन	बहुवचन
१ पु०	अम्हि, म्हि, मि. अंसि (अस्मि) अत्थि[11] (अस्ति)	म्ह, म्हो, म्हु, मो, मु.[13] (स्मः) अत्थि

---

११ शब्दनी अदरना 'स्त' नो 'त्थ' थाय छे अने शब्दनी आदिना 'स्त' नो 'थ' थाय छे. जेमके:—

अस्ति—अत्थि	स्तम्भः—थंभो
नास्ति—नत्थि	स्त्यानम्—थीणं
हस्तः—हत्थो	स्तुतिः—थुई
प्रस्तरः—पत्थरो	स्तब्धः—थद्धो

१२ 'अत्थि' रूप त्रणे पुरुषमां, सर्व वचनोमां वपराय छे संस्कृतमां पण क्रियापद जेवुं ए जातना व्यवहारमां आवे एवुं 'अस्ति' अव्यय प्रसिद्ध छे.

१३ 'स्मः' रूप अने 'म्हो' रूप—बन्नेमां समानता छे. 'म्हो' रूप घसातां घसातां 'मो' थयुं छे. आगळ जणावेलो 'मि'

२ पु० सि, असि, (असि) अत्थि	थ, त्थ (स्थ) अत्थि
३ पु० अत्थि (अस्ति)	अत्थि, संति (सन्ति)

धातुओ

मज्ज् [14](मद्य) मद करवो–माचवुं–खुश थवुं	जोत् / जोअ (द्योत) जोत थवी–प्रकाशवुं, जोवुं.
खिज्ज् (खिद्य) खीजवुं–खेद करवो	सिज्ज् (स्विद्य) सीजवु–चीकणुं थवुं–स्वेद–परसेवा–वाळा थवुं
संपज्ज् (सं+पद्य) संपजवुं–सांपडवुं	
निप्पज्ज् (निर्+पद्य) नीपजवु	पुज्ज् (पूर्य) पूरवु, पूगवु
विज्ज् (विद्य) विद्यमान होवु	दिव्व् (दीव्य) द्यूत रमवुं–रमवुं

प्रत्यय अने 'अस्मि–अम्हि–म्हि–मि' ए बन्नेमां खूब मळतापणुं छे. तेम ज 'मो' 'मु' अने 'म' प्रत्ययो साथे आ 'म्हो' 'म्हु' 'म्ह' 'मो' अने 'मु' रूपोनी सरखामणी करी शकाय एम छे. 'म्हु' अने 'मु' रूपनो प्रयोग विरल छे.

१४ शब्दनी अंदरना 'द्य' 'र्य' अने 'य्य' ने बदले 'ज्ज' थाय छे अने शब्दनी आदिना 'द्य' 'र्य' अने 'य्य' ने बदले 'ज' थाय छे. जेमके:—

द्य-अद्य–अज्ज	र्य–पूर्य–पुज्ज	य्य–
मद्यम्–मज्जं	कार्यम्–कज्जं	शय्या–सेज्जा
द्युतिः–जुती	मर्यादा–मज्जाया	

वाक्यो

[तेओ] थाय छे
[हुं] छे छे
[ते] थाय छे
गाइए छीए
दोडो छो
[ते बे] खाय छे
ऊभो रहुं छुं
बोलीए छीए
छो
जाय छे
खुश थाउं छुं
खेद करे छे
नीपजे छे
संपजे छे
प्रकाशित थइए छीए
[तेओ] जपे छे
[अमे बे] ध्याइए छीए
पीओ छो

[तेओ बे] रमे छे
सीजे छे
छीए
सहन करुं छुं
[अमे बे] जमीए छीए
विद्यमान छे
[तेओ बे] खेंचे छे
वरसे छे
पूगे छे
[तमे बे] वसो छो
वांदो छो
[तमे बे] छो
[ते बे] निंदे छे
[तुं] दीपे छे
तजीए छीए
जाउं छुं
छुं
पूरुं छुं

हुंति[१५]	बूम	धाएज्जइ	वे खिज्जिरे
जंति	वाइ	बे जाम	दो मो

---

१५ हो + न्ति = हुंति
जा + न्ति = जंति } जुओ टिप्पण ९ मुं.

'न्ति' अने 'न्ते' प्रत्ययना 'न्'नो अने तेवी रीते आवेला बीजा 'न्' नो अनुस्वार पण थाय छे. जेमके:-हुंति, हुन्ति. गाअंति, गाअन्ति वगेरे.

निप्पज्जसे	धाह	म्हि	म्ह
संति	बूमि	निप्पज्जइ	सि
पुज्जइ	संपज्जइ	अंसि	थ
सिज्जंति	गाइ	अत्थि	दुवे त्थ
गायसि	जासि	दो मज्जह	असि
जोतसि	खाइत्था	होज्जा	अम्हि
जोआमु	विज्जसे	दोण्णि दिव्वामु	बूमो
खिज्जेह	हाएज्ज	खायज्जंति	बे खाय[illegible]
बेण्णि संति	ठामि	मज्जंते	मज्जेसि

पाठ ४ थो

झा (ध्या)[16] ध्यावुं–ध्यान करवु

विज्झ् (विध्य) वींधवु

गिज्झ् (गृध्य) गृद्ध थवुं–ललचावु

कुज्झ् (क्रुध्य) क्रोध करवो

सिज्झ् (सिध्य) सीझवु–सिद्ध थवुं

मुज्झ (मुह्य) मूंझावुं–मूढ थवु–मोह पामवा

नज्झ (नह्य) नाझवुं–बांधवुं

जुज्झ (युध्य)[17] जुझवु–युद्ध करवुं

खाद् }
खाय् } (खाद्) खावु

कह (कथ)[18] कहेवु

कुह् (कुथ) कोहवु–सडवुं

बाह् (बाध) बाधवु–बाधा करवी–अडचण करवी

बोह् (बोध) बोध थवो–जाणवुं

वह् (वध) वध करवा–हणवुं

लिह् (लिख) लखवु

लह (लभ) लेवुं–मेळववु

सिलाह् (श्लाघ) सराहवु–वखाणवु

सोह (शोभ) सोहवुं–शोभवु

धाव् }
धाय् } (धाव्) धोडवु–दोडवुं

---

१६ शब्दनी अंदरना 'ध्य' अने 'ह्य' ने बदले 'ज्झ' नो प्रयोग थाय छे अने शब्दनो आदिना 'ध्य' अने 'ह्य' ने बदले 'झ' नो उपयोग थाय छे जेमके:—

ध्य– ध्या–झा	ह्य– मुह्य–मुज्झ
ध्यायति–झायति	मुह्यति–मुज्झइ
ध्यानम्–झाणं	गुह्यकारः–गुज्झारो
साध्यम्–सज्झं	गुह्यम्–गुज्झं
विन्ध्यः–विंझो	नह्यति–नज्झइ

१७ शब्दनी आदिना 'य' नो 'ज' थाय छे. जेमके:—

युध्य–जुज्झ	यथा–जहा
या–जा	यात्रा–जत्ता
यतिः–जती	युग्मम्–जुग्मं

१८ क्ष (क्+ष) अने ज्ञ (ज्+ञ) छे तो संयुक्त वर्णो छतां

बे ध्याइए छीए	बे परसेवावाळा थाय छे
[ते] बींधे छे	खेंचो छो
ललचाइए छीए	सांपडे छे
[तेओ] छे	बे योग्य थाय छे
बे मूंझाओ छो	बे निंदा करीए छीए
बे सडो छो	दोडो छो
बांधीए छीए	गाउं छुं
शोभो छो	शाप दे छे
बे लखो छो	प्रकाशे छे
छीए	छो
[ते] धसे छे	जूझो छो

अखड वर्ण जेवा भासे छे तेम ख (क्+ह), घ (ग्+ह), थ (त्+ह), ध (द्+ह), फ (प्+ह) अने भ (व्+ह) वर्णो पण अंग्रेजीनी जेम 'ह' साथे मिश्र थईने बनेला छे छतां रीढा थई जवाने लीधे अखंड जेवा लागे छे अने लिपिमां पण तेवा ज अखंड लखाय छे. तो पण शब्दविज्ञाननी दृष्टिए ते छये व्यजनो संयुक्त छे एथी ज्यारे ए छये अखंडित व्यजनो काई शब्दनी अंदर आवेला होय त्यारे तेमने बदले – ते दरेकने बदले—मात्र 'ह' नो ज व्यवहार थाय छे. अर्थात् 'ह' नी पूर्वेना ए छये व्यजनो लखाता नथी तेम बोलाता पण नथी. जेमके: —

ख– लिख–लिह	थ– कथ–कह	फ– सफलम्-सहलं
लेख:–लेहो	कथनम्-कहणं	मुक्ताफलम्–मुत्ताहलं
मुखम्-मुह	पथ.–पहो	शफरी–सहरी
घ– श्लाघ-सिलाह	ध– बोध–बोह	भ– शोभ–सोह
श्लाघा–सिलाहा	बोध:–बहिरो	शोभा–सोहा
मेघ:–मेहो	व्याधि:–वाही	नभस्–नह

छुं

सोझे छे

बे बोलीए छीए

द्यो छो

शोभे छे

जाणे छे

मेळवीए छीए

जूझुं छुं

रमो छो

जमे छे

नीपजे छे

हरखाओ छो

बाधीए छीए

बे कहे छे

आळोटीए छीए

फके छे

बे सीवीए छीए

मुंझाईए छीए

वांदुं छुं

छे

क्रोध करे छे

सिद्ध थाउं छुं

बे करो छो

वींधुं छुं

[तेओ] जपे छे

थईए छीए

ऊभो रहे छे

खेद करीए छीए

लखे छे

[तुं] छे

माचुं छुं

सामा थाय छे

बे दोडो छो

बे जाय छे

वाय छे

कंपो छो

खाय छे

बे वखाणे छे

कुहंति

खिलाहंति

गिज्झम

मि

कहेमि

नज्झसि

जुज्झिरे

ठाइ

बे सोहामो

मुज्झिमु

बेज्झि विज्झंति

ठाएइ

बे बाहइ

सिज्झम्ह

झाम

होंति

वुज्झि बोहेंति

जुज्झेम

सि

म्ह

बिंति

लिहेज्ज

सिज्झंति

मो

लहेज्जा

कुज्झेसि

अंसि

धातुओ

पुच्छ (पृच्छ) पूछवुं	नम् } (नम)[२१] नमवु
बीह् (भी) बीवुं	नव् }
पड् (पत) पडवु	चय (त्यज)[२२] तजवुं-छोडवुं
छज्ज् (सज्ज) छाजवुं-शोभवु	जिण् (जिना) जितवुं
वेढ् (वेष्ट) वीटवुं	छिंद् (छिनद्) छेदवुं
कर् (कर) करवु	चल्ल् (चल) चालवुं
तर् (तर) तरवु	निंद् } (निन्द) निंदवुं-निंदा करवी
चिण् (चिनु) चणवुं-एकठु करवुं	निन्द् }
डह् (दह) } दहवु-दाझवु- बळवु-बाळवुं	
डज्झ् (दह्य)[२०] }	

१९ ब्+ह्+ई='भी' उपरथी 'बीह्'.

२० जुओ टिपण १६.

२१ शब्दनी आदिना 'न' नो 'ण' विकल्पे थाय छे. अने शब्दनी अंदरना 'न' नो 'ण' नित्य थाय छे. जेमके:--

नमति-णमति, नमति	जिन:-जिणो
नमस्-णमो, नमो	दिनम्-दिणं

[याद्दी:—आर्षप्राकृतमां 'न' ना 'ण' माटे आ जातनो चोक्कस नियम नथी.]

२२ शब्दनी आदिना 'त्य' नो 'च' थाय छे अने शब्दनी अंदरना 'त्य' नो 'च्च' थाय छे जेमके:—

त्यजति-चयति	नृत्यति-नच्चइ
त्याग:- { चागो / चायो	नृत्यम्-नच्चं

[अपवाद—चैत्यम्-चेइअं]

सूस्, सुस्स् (शुष्य)[२३] शोषवुं-सुकावु

सुण्, हुण् (शृणु)[२४] सुणवु-सांभळवुं

सुमर् (स्मर) स्मरण करवुं-याद करवुं

गच्छ् (गच्छ) गति करवी-जवु

नस्स्, नास् (नश्य) नाश थवो

गेण्ह् (गृह्णा) ग्रहण करवु

नच्च् (नृत्य) नाचवुं

कुण् (कृणु) करवुं

रूस्, रुस्स् (रुष्य) रूसवुं-रोष करवो

हण् (हन्) हणवु-मारवुं

---

२३ जुओ टिप्पण ७ तुं [यादी—ज्यां श ष के स् साथे 'य' 'र' 'व' 'श' 'ष' 'के' 'स' नो संयोग होय त्यां 'य' वगेरेनो लोप थतां बाकी रहेला श् ष् के स् बेवडाता नथी किंतु तेमनी पूर्वना ह्रस्व स्वर दीर्घ पण थाय छे. जेमके:—

शुष्य–सूस् अथवा सुस्स्
रूष्य–रूस् ,, रुस्स्
नश्य–नास् ,, नस्स्
विश्वासः–वीसासो ,, विस्सासो
अश्वः–आसो ,, अस्सो
विष्वाणः–वीसाणो ,, विस्साणो
इष्वासः–ईसासो ,, इस्सासो
आस्यम्–आसं ,, अस्सं
सस्यम्–सासं ,, सस्सं

२४ 'श्' के 'ष्' ने बदले स' नो ज व्यवहार थाय छे. जेमके:—

शुष्कम–सुक्कं
दोषः–दोसो
नाशः–नासो
नश्य–नस्स्
पश्य–पस्स्

सार अने प्रश्नो

१ पु० वंदमि, वंदामि, वंदेमि वंदेज्ज, वदेज्जा	वंदमो, वंदामो, वंदिमो, वंदेमो वंदमु, वंदामु, वंदिमु, वंदेमु वंदम, वदाम, वंदिम वंदेम वंदम्ह वंदाम्ह, वंदिम्ह, वंदेम्ह वंदेज्ज, वंदेज्जा
२ पु० वंदसि, वदेसि वंदसे वंदेसे वंदेज्ज. वंदेज्जा	वंदइत्था, वंदित्था, वंदेइत्था. वंदेत्था वंदह वदेह वंदेज्ज, वंदेज्जा
३ पु० वंदति, वंदेति वंदते, वंदेते वंदइ, वंदेइ वंदए, वंदेए वंदेज्ज, वंदेज्जा	वंदंति, वंदेंति, वंदिंति वंदंते, वंदेंते, वंदिंते वंदइरे, वंदेइरे, वंदिरे वंदेज्ज. वंदेज्जा

विकरणवाळां रूपो

१ पु० होअमि, होआमि, होएमि	होअमो, होआमो, होइमो, होएमो होअमु, होआमु, होइमु, होएमु होअम, होआम, होइम, होएम होअम्ह, होआम्ह, होइम्ह, होएम्ह

---

२५ वंदेंति उपरथी वंदिंति
होज्ज ,, हुज्ज
होएज्ज ,, होइज्ज वगेरे माटे जुओ टिप्पण ९ मु.

[ज्ज] होएज्जमि, होएज्जामि, होएज्जेमि होएज्ज	होएज्जमो, होएज्जामो, होएज्जिमो, होएज्जेमो होएज्जमु, होएज्जामु, होएज्जिमु, होएज्जेमु होएज्जम, होएज्जाम, होएज्जिम, होएज्जेम होएज्जम्ह, होएज्जाम्ह, होएज्जिम्ह, होएज्जेम्ह होएज्ज
[ज्जा] होएज्जामि, होएज्जा	होएज्जामो, होएज्जामु, होएज्जाम, होएज्जम्ह होएज्जा

विकरण विनानां रूपो

१ पु० होमि	होमो, होमु, होम, होम्ह
[ज्ज] होज्जमि, होज्जामि होज्जेमि. होज्ज	होज्जमो, होज्जामो, होज्जिमो, होज्जेमो. होज्जमु, होज्जामु, होज्जिमु, होज्जेमु. होज्जम, होज्जाम, होज्जिम, होज्जेम. होज्जम्ह, होज्जाम्ह, होज्जिम्ह, होज्जेम्ह. होज्ज
[ज्जा] होज्जामि होज्जा	होज्जामो, होज्जामु, होज्जाम, होज्जाम्ह होज्जा[२६]

आ रीते बीजा अने त्रीजा पुरुषमां 'हो'नां रूपो स्वयं साधी लेवां.

पुरुषबोधक प्रत्ययो लगाडतां पहेलां प्रत्येक स्वरांत धातुनां छ अंगो बने छे. जेमके:—

---

२६ त्रणे पुरुषनां मळीने तो घणां रूपो थाय छे तेथी अहीं प्रथम पुरुषनां रूपो उदाहरण तरीके दर्शाव्यां छे. साहित्यमां अने व्यवहारमां आ बधां रूपोनो उपयोग विरल छे. आ तो मात्र जाणवा माटे ज बणाव्यां छे.

होअ, होएज्ज, होएज्जा, हो, हुज्ज, होज्जा, ['हो'नां]
गाअ, गाएज्ज, गाएज्जा, गा, गाज्ज, गाज्जा, [गा'नां]
ए छ अंगो द्वारा उक्त सर्व रूपो योजी लेवां.

---

१ 'से' अने 'ए' प्रत्यय न ले तेवा केटलाक धातुओ जणावो
२ 'ज्ज' अने 'ज्जा'ना उपयोग विषे शुं समजायुं ?
३ स्वरांत धातुनी साथे 'ज्ज' अने 'ज्जा' नो उपयोग कैवी रीते थाय छे ए उदाहरण साथे समजावो.
४ आवा (   ) कौंसमां अने बहार मूकेला शब्दोमां केटला टका समानता लागे छे ?
५ बहार मूकेला अने अर्थमां जणावेला शब्दोमां केटला टका समानता लागे छे ?
६ 'इ' नो 'ए' अने उ' नो 'ओ' क्यारे थाय छे ? उदाहरण सहित जणावो.
७ संस्कृत अने प्राकृतमां उच्चारणभेदने लीधे जे केटलाक फेरफारो बताव्या छे तेमांना केटलाक अहीं उदाहरण साथे समजावो.
८ स्वरांत धातु अने व्यंजनांत धातुनी रूपसाधनामां शुं भेद छे ?
९ 'ज्ज' अने 'ज्जा'नी पूर्वेना 'अ'नुं शुं थाय छे ?
१० 'अस्' धातुनां वर्तमानकाळनां बधां रूपो लखो.
११ प्राकृत भाषामां द्विवचन छे ? तेनो अर्थ शी रीते दर्शावाय ?
१२ कया संयोगोमां स्वरनो लोप थाय छे ते उदाहरण सहित बतावो.
१३ प्राकृत भाषा साथे गूजराती भाषानो केवो संबंध जणाय छे ?

१४ व्यंजनांत अने स्वरांत कोई पण एक धातुनां बधां रूपो लखो.

१५ प्राकृतभाषानां उच्चारणो सरळ छे के कठण ते उदाहरण आपीने समजावो.

उवसग्ग (उपसर्ग)

उपसर्ग धातुनी पूर्वे आवी घणुं करीने धातुना मूळ अर्थमां न्यूनाधिकता करी विशेष अर्थ—न्यून अर्थ अधिक अर्थ के जुदो अर्थ-बतावे छे. एवा उपसर्ग नीचे मुजब छेः—

प (प्र) आगळ. प+जाइ=पजाइ-आगळ जाय छे.
प+जोतते=पजोतते-विशेष प्रकाशे छे.
प+हरति=पहरति-प्रहार करे छे.

परा-सामुं, ऊलटुं. परा+जिणइ=पराजिणइ-पराजय करे छे.
परा+होइ=पराहोइ-पराभव करे छे-हरावे छे.

ओ, अव, अप } (अप) हलकुं, रहित, नीचे, दूर
ओ+सरइ=ओसरइ, अव+सरइ=अवसरइ, अप+सरइ=अपसरइ } सरके छे-खसे छे.
अप+अर्थकम्=अवत्थयं-अपार्थक-अमथुं.
ओ+माल्यम्=ओमल्लं-निर्माल्य.

सं (सम्) एकठुं, साथे. सं + गच्छति = संगच्छति – साथे जाय छे.
सं + चिणइ = संचिणइ-संचय करे छे-एकठुं करे छे.

अणु, अनु } (अनु) पाछळ, सरखुं. अणु + जाइ = अणुजाइ-पाछळ जाय छे.
अणु+करइ=अणुकरइ-अनुकरण करे छे.

ओ } (अव) नीचे ओ+तरइ=ओतरइ } अवतरे छे, ऊतरे छे.
अव } अव+तरइ=अवतरइ } नीचे जाय छे.

निर्
नि } (निर्) निरंतर, सतत, रहित.
नी

निर्+इक्खइ = निरिक्खइ-नीरखे छे-निरीक्षण करे छे.

नि+ज्झरइ=निज्झरइ-झर्या करे छे.

नी+सरइ=नीसरइ-नीसरे छे-निरंतर सरे छे.

निर+अंतरं=निरंतरं-निरंतर-सतत.

निर+धनः=निद्धणो-निधनियो-धन वगरनो

दु
२७दू } (दुर्) दुष्टता दु+गच्छइ=दुग्गच्छइ-दुर्गतिए जाय छे.

दो+गच्चं=दोगच्चं-दौर्गत्य-दुर्गति.

दू+हवो=दूहवो-दुर्भग-कमनसीब.

अभि } (अभि) सामे. अभि+भासइ=अभिभासइ-सामे बोले छे.
अहि } अहि+मुहं=अहिमुहं-अभिमुख-सामुं.

वि—विशेष, नहि, विपरीत वि + जाणइ = विजाणइ-विशेष जाणे छे.

वि + जुंजइ = विजुंजइ-वियोग करे छे.

वि + कुव्वइ = विकुव्वइ-विकृत करे छे.

---

२७ 'दू' अने 'सू' नो उपयोग फक्त 'हव'-(भग) शब्दनी पूर्वे थाय छे.

अघि } (अधि) अधिक. अघि+गच्छति=अधिगच्छति-मेळवे छे, जाणे छे, उपर जाय छे.
अहि }

अहि+गमो=अहिगमो-अधिगम-ज्ञान

सु } (सु) सारुं. सु+भासए=सुभासए-सारुं बोले छे.
सू } सू + हवो=सूहवो-सुभग-भाग्यवान.

उ (उत्) ऊंचे. उ+गच्छते=उग्गच्छते-ऊंचे जाय छे-ऊगे छे

अइ } अतिशय, हद बहार. अइ+सेइ=अइसेइ – अतिशय करे छे-हद बहार वखाणे छे.
अति }

अति +गच्छति=अतिगच्छति -हद बहार जाय छे.

णि } (नि) निरंतर, नीचे णि+पडइ=णिपडइ } निरंतर पडे छे,
नि } नि+पडइ-निपडइ } नीचे पडे छे.

पडि } (प्रति)-सामुं, सरखुं, विपरीत
पति } पडि+भासए=पडिभासए-सामुं बोले छे.
[२८]परि } पति+ट्ठाइ=पतिट्ठाइ-प्रतिष्ठित थाय छे.

परि+ट्ठा=परिट्ठा-प्रतिष्ठा

पडि+मा=पडिमा-सरखी आकृति.

पडि+कूलं=पडिकूलं-प्रतिकूल

परि } (परि) चारे बाजु. परि+वुडो=परिवुडो-परिवृत-चारे बाजुथी वींटाएलो
पलि }

पलि+घो=पलिघो-परिघ-घण.

---

२८ 'परि' ए 'पडि' नुं ज भिन्न उच्चारण छे 'र' अने 'ड' नुं उच्चारण स्थान पण सरखुं छे.

[29]अपि | (अपि) ऊलटुं, पण. अवि+हेइ=अविहेइ[30] } ढांके छे
अवि | अपि+हेइ=अपिहेइ
पि | पि + हेइ = पिहेइ
वि | को+वि=कोवि } कोई
इ | को+इ=कोइ } पण
किम्+अवि=किमवि–कांई पण
जं+पि=जंपि–जे पण

ऊ } (उप) पासे. उव+गच्छइ=उवगच्छइ–पासे जाय छे
ओ } ऊ+ज्झायो=ऊज्झायो
उव } ओ+ज्झायो=ओज्झायो } उपाध्याय
उव+ज्झायो=उवज्झायो

आ– मर्यादा, ऊलटुं. आ + वसइ = आवसइ–अमुक मर्यादामां रहे छे.

आ + गच्छइ = आगच्छइ–आवे छे.

उपसर्गना अर्थो नियत नथी. कोइ उपसर्ग, धातुना मूळ अर्थ करतां विपरीत अर्थ बतावे छे कोइ ए मूळ अर्थने अनुसरे छे. कोइ, एमां थोडो वधारो देखाडे छे अने कोइ, मात्र शोभा माटे ज वपराय छे—धातुना अर्थमां कशो फेरफार

---

२९ 'अवि' 'वि' के 'इ' अव्यय, शब्दना स्वरांत अंगनी पछी जोडाय छे अने शब्दना व्यजनांत अंगनी पछी 'अवि' के 'पि'नो उपयोग थाय छे. जेमके:—

को + अवि – को अवि, को वि
को + इ – कोइ
होइ + अवि – होइ अवि, होइ वि
किम् + अवि – किमवि
किम् + पि – किंपि (जुओ टि० ८ मुं)

३० अपिदधाति, पिदधाति

बतावतो नथी. 'अपि' उपसर्ग छे अने 'पण' अर्थमां अव्यय पण छे पथी 'अपि' साथेना उदाहरणोमां तेनो बन्न जातनो उपयोग बताव्यो छे.

धातु

पुण् (पुना) पुणवुं-पवित्र करवुं

थुण् (स्तुनु) थुणवुं-स्तुति करवी

वच्च् (व्रज) फरता रहेवुं

कुद्द् (कूर्द) कूदवुं

अच्च् (अर्च) अर्चवुं-पूजवुं.

वड्ढ् (वर्ध) वधवुं

भम् (भ्रम) भमवुं

भम्म् (भ्राम्य) भमवु

भिंद् (भिनद्) भेदवुं-कटका करवा

छिंद् (छिनद्) छेदवु

सिंच् (सिञ्च) सींचवुं

मुंच् (मुञ्च) मूकवुं

लुण् (लुना) लणवुं-कापवुं

गंठ् (ग्रन्थ) गंठवुं, गुंथवु

गज्ज् ([३१] गर्ज) गाजवुं

मिला (म्ला) म्लान थवुं-करमावुं

गिला (ग्ला) ग्लान थवुं, गळवुं -क्षीण थवुं

चिइच्छ(चिकित्स) चिकित्सा करवी-रोगनो उपचार करवो

जग्ग् (जागृ) जागवुं.

वीसर् (वि+स्मर्) वीसरवु.

जम्म् (जन्मन्) जन्मवुं.

रुव् (रुद) रोवुं.

तोल् (तोल) तोळवुं

---

३१ संयुक्त अक्षरमां आगळ रहेलो के पाछळ रहेलो 'र' लोप पामे छे. 'र' नो लोप थया पछी बाकी रहेलो शब्दनी अंदरनो व्यंजन बेवडाय छे जेमकेः—

आगळनो 'र'—गर्ज-गज-गज्ज। अर्च-अच-अच्च ।
कूर्द-कूद-कुद्द । वर्ध-वध-वड्ढ ।
वार्ता-वता-वत्ता । अर्कः-अको-अक्को ।

पाछळनो 'र'—ग्रन्थ-गंथ-गंठ । भ्रम-भम ।
रात्रिः-रती-रत्ती । चक्रम्-चकं-चक्कं ।

पाठ ५ मो

अकारांत नामनां रूपाख्यानो (नरजाति)

वीर

	एकवचन	बहुवचन
१	वीर+ओ=वीरो (वीरः) वीर+ए=वीरे	वीर+आ=वीरा (वीराः)
२	वीर+म्=वीरं (वीरम्)	वीर+आ=वीरा (वीरान्) वीर+ए=वीरे
३	वीर+एण=वीरेण (वीरेण) वीरेणं	वीर+एहि=वीरेहि (वीरेभिः, वीरैः) वीरेहिं वीरेहिँ
४	वीर+आय=वीराय (वीराय) वीर+आए=वीराए वीर+स्स=वीरस्स (वीरस्य)	वीर+ण=वीराण (वीराणाम्) वीराणं
५	वीर+आ=वीरा (वीरात्) वीर+त्तो=वीरत्तो (वीरतः) वीर+तो=वीरातो वीर+ओ=वीराओ वीर+तु=वीरातु वीर+उ=वीराउ } (वीरतः) वीर+हि=वीराहि वीर+हिंतो=वीराहिंतो	वीर+त्तो=वीरत्तो (वीरतः) वीर+तो=वीरातो वीर+ओ=वीराओ वीर+तु=वीरातु वीर+उ=वीराउ वीर+हि=वीराहि, वीरेहि

	एकवचन	बहुवचन
		वीर + हिंतो = वीराहिंतो, वीरेहिंतो (वीरेभ्यः)
		वीर + सुंतो = वीरासुंतो, वीरेसुंतो
६	वीर+स्स=वीरस्स (वीरस्य)	वीर+ण=वीराण (वीराणाम्) वीराणं
७	वीर+ए=वीरे (वीरे)	वीर+सु=वीरेसु (वीरेषु) वीरेसुं
	वीर+°सि=वीरंसि ([32]वीरस्मिन् ?)	
	वीर+म्मि=वीरम्मि	
सं०	वीर ! (वीर !)	वीर+आ=वीरा (वीराः !)
	वीरा !	
	वीरो !	
	वीरे !	

संस्कृत अने प्राकृत रूपोनां उच्चारणोमां नहि जेवो भेद छे. ए भेद, ए रूपो बोलतां ज समजाय छे. मात्र पांचमी विभक्तिमां वधारे अनियमित रूपो छे.

रूपो बतावतां नामनुं मूळ अंग अने प्रत्ययनो अंश-ए बन्ने छूटा पाडीने जणावेलां छे. अने साथे साथे ए

---

३२ सप्तमीनो सूचक 'स्मिन्' प्रत्यय संस्कृतमां मात्र 'सर्वादि' शब्दोने लागे छे त्यारे प्राकृत अने पालीमां तो ए सर्व व्यापक छे. प्राकृतनो '°सि' प्रत्यय, 'स्मिन्'नुं जुदु पण सरळ उच्चारण छे. फक्त ए सूचववा 'वीरस्मिन्' रूप बताव्युं छे. रूप पासेनुं '?' निशान, ए रूपनी संस्कृतमां अविद्यमानता सूचवे छे एवां निशानवाळां बीजां रूपो विषे पण एम समजवानुं छे.

उपरथी साधित थतां दरेक रूपो पण जुदां जुदां दर्शाविलां छे. एथी आ साधनपद्धतिद्वारा ज, विद्यार्थी, अकारांत नामनां रूपोने समजी लेशे.

साधनपद्धतिनी समजण

१ प्रथमा, द्वितीया, तृतीया, चतुर्थी अने सप्तमी विभक्तिना स्वरादि प्रत्ययो तथा पंचमीनो एक मात्र 'आ' प्रत्यय लगाडी अंगना अन्त्य 'अ' नो लोप करवानो छे. जेमके-वीर + ओ वीरो. वीर + ए = वीरे वगेरे. [जुओ टि० १० मुं.]

२ अंत्य 'म्' नो अनुस्वार थाय छे अने अंत्य 'म्' पछी कोइ स्वर आवेलो होय तो अनुस्वार विकल्पे थाय छेः वीर + म् = वीरं
वीरम् + अवि = वीरं अवि, वीरमवि.

३ तृतीया अने षष्ठी विभक्तिना 'ण' उपर तथा सप्तमी विभक्तिना 'सु' उपर अनुस्वार विकल्पे थाय छे:

वीर + एण = वीरेण, वीरेणं.
वीर + ण = वीराण, वीराण
वीर + सु = वीरेसु, वीरेसुं.

४ तृतीया अने सप्तमीना बहुवचनना प्रत्ययोनी पूर्वना अकारांत अंगना अंत्य 'अ' नो 'ए' थाय छे अने इकारांत अंगनो तथा उकारांत अंगनो अंत्य 'इ' अने 'उ' दीर्घ थाय छे:

वीर + हि = वीरेहि.	रिसि+हि = रिसीहि.	भाणु + हि=भाणूहि.
वीर + सु = वीरेसु.	रिसि+सु = रिसीसु.	भाणु + सु= भाणूसु.

५ पंचमीना 'तो' ' तु ' ' ओ ' 'उ' ' हि ' 'हिंतो' अने 'सुंतो' प्रत्ययोनी पूर्वना स्वरांत अंगनो अंत्य स्वर दीर्घ थाय छे तथा पंचमीना बहुवचनना 'हि' ' हिंतो ' अने 'सुंतो' प्रत्ययोनी पूर्वना अकारांत अंगना अंत्य ' अ ' नो ' ए ' पण थाय छे :

एकवचन	बहुवचन
वीर+ओ=वीराओ	वीर=हि+वीराहि, वीरेहि
वीर+उ=वीराउ	वीर+हिंतो-वीराहिंतो, वीरेहिंतो
वीर+हि-वीराहि	वीर+सुंतो=वीरासुंतो, वीरेसुंतो
वीर+हिंतो=वीराहिंतो	रिसि+हि=रिसीहि
रिसि+ओ=रिसीओ	भाणु+हि=भाणूहि
भाणु+ओ=भाणुओ	रिसि+हिंतो=रिसीहिंतो

६ षष्ठीना बहुवचननो ' ण ' लागतां पूर्वना अंगनो अंत्य स्वर दीर्घ थाय छे : वीर+ण=वीराण, वीराणं.

रिसि+ण=रिसीण.
भाणु+ण=भाणूण.

७ संबोधननां रूपोनी साधना प्रथमा प्रमाणे छे. वधारामां मूळ अंग पण जेमनु तेम वपराय छे.
वीर ! वीरो ! वीरा ! वीरे !

८ तृतीया विभक्तिनो ' हि ' प्रत्यय माथे अनुस्वार पण ले छे अने तेनो सानुनासिक उच्चार पण थाय छे. आ रीते ते एक ' हि ' नां पण त्रण रूपो थाय छे :

वीरेहि, वीरेहिं, वीरेहिँ

९ 'तो' अने 'तु' प्रत्ययवाळां पंचमीनां रूपोनो उपयोग विरल छे. ते 'तो' अने 'तु' इकारांत, उकारांत अंगने पण लागे छे.

लोकव्यापक भाषामां केटलांक प्राचीन रूपो हयाती धरावे छे. काळभेद, व्यवहारभेद, देशभेद अने उच्चारण-भेद तथा अन्य कारणोने लीधे व्यापक भाषामां नवां नवां रूपो उमेरातां जाय छे. तेमज केटलांक रूपोनो संकर पण थई गएलो होय छे :

उपर्युक्त प्राकृत रूपोमां 'वीरे' (प्र० ए०) ए, मागधी भाषानुं एटले प्रांतिक प्राकृतनुं छतां आर्ष प्राकृतमां सचवाइ रह्युं छे

वीराए (च० ए०) वीरंसि (स० ए०) रूपोनो[३३] व्यवहार विशेषे करीने आर्षप्राकृतमां देखाय छे. केटलेक स्थळे चतुर्थीना एकवचनमां 'आइ' प्रत्ययवाळुं रूप पण मळे छे: वहाइ (वधाय) 'आय' 'आए' अने 'आइ' ए त्रणेमां खास कशी विषमता नथी. 'आइ' प्रत्ययवाळुं रूप बहु प्रचलित नथी तेथी ज ते उपरनां रूपोमां जणाव्युं नथी. केटलेक स्थळे 'आए' ने बदले 'आते' प्रत्यय पण वपराएलो छे एथी 'वीराए' नी पेठे 'वीराते' रूप पण आर्ष प्राकृतमां वपराएलुं छे. प्राकृतभाषामां चतुर्थी विभक्ति खास जुदी नथी पण ते षष्ठी विभक्तिमां समाइ गएली छे तेथी ते बन्ने विभक्तिनां रूपो एक सरखां थाय छे.

---

३३ अजिणाए (अजिनाय) मंसाए (मांसाय) पुच्छाए (पुच्छाय) वगेरे 'आए' प्रत्ययवाळां अने लोगंसि (लोके) कंसि (कास्मन्) अगारंसि (अगारे) सुसाणंसि (श्मशाने) वगेरे '°सि' प्रत्ययवाळां रूपो आचारांगादिसूत्रोमां मळे छे.

प्रथमानां अने द्वितीयानां तथा संबोधननां रूपो एक बीजामां भळी गएलां छे माटे ज ते सरखा जेवां जणाय छे.

तृतीयाना अने पचमीना बहुवचनमां पण तेवी ज मेळसेळ थइ गई छे एथी ज 'वीरेहि' तृतीयांत पण छे अने पंचम्यंत पण छे. लोकभाषामां तृतीया अने पंचमीना अर्थमां विशेष भेद नथी तेम संस्कृतमां पण तृतीयाना अर्थमां पंचमी वपराय ज छे.

'हिंतो' अने 'सुंतो' प्रत्ययवाळां रूपोनो उपयोग अधिक नथी जणातो.

'वीरा' रूप पंचम्यंत छे पण कोइ काळे ए पंचमीनो अर्थ जणाववा असमर्थ नीवडयुं लागे छे तेथी ज एने मूळ अंग मानी, 'ओ' 'उ' वगेरे प्रत्ययो[३४] लगाडी तेनां जुदां जुदां रूपो नीपज्यां जणाय छे. गूजरातीमां 'तेणे' 'एणे' रूप ए प्रकारनां छे.

'तो' अने 'तु' प्रत्ययवाळां पंचमीनां रूपो प्राचीन प्राकृतमां ज सचवायां छे. छतां ते, 'आवश्यकसूत्र'नी

---

३४ पंचम्यर्थसूचक सं० 'तस्' नुं प्राकृत 'तो' थाय छे. 'ओ' 'उ' प्रत्ययोनी उत्पत्ति ए 'तो' मांथी ज करी शकाय एम छे. 'वीरतो' 'वीराओ' 'वीराउ'. पाछलां बे रूपोमां 'त्'नुं उच्चारण कमी थतां 'र'नो 'अ' दीर्घ थइ गयो छे. 'वीरत्तो' रूपनो संबंध पण 'वीरतो' साथे ज छे.

३५ 'तेन' 'एनेन' तृतीया विभक्तिनुं सूचक छे. प्राकृतमां तेने मळतुं 'तेण' 'एणेण' रूप थाय छे. ए 'तेण' 'एणेण' तृतीयांत होवा छतां तेने फरीवार तृतीया विभक्तिनो अपभ्रंशीय 'इं' प्रत्यय लगाडवो पडयो छे. ए रीते 'तेन'–'तेण' 'तेणइं'–'तेणे' 'एनेन'–'एणेण' 'एणेणइं'–'एणे' उतरी आव्युं छे.

कथाओ अने 'वसुदेवहिंडी' जेवा प्राकृत ग्रंथोमां ठीक प्रमाणमां वपरायां छे माटे तेने खास जुदां जणाव्यां छे.

अकारांत अंगने लागता केटलाक प्रत्ययो इकारांत अने उकारांत अंगने पण लागे छे तथा इकारांत अने उकारांत अंगनां केटलांक [३६]रूपो 'इन्' छेडावाळां अंगोनी जेवां थाय छे.

आम अनेक प्रकारनी [३७]अनियतता, लोकभाषानुं खास लक्षण छे अने ते, वैदिकभाषानी पेठे प्राकृतमां पूरेपूरुं जळवाएलुं छे.

नाम [नरजाति]

अरिहंत (अरि+हन्त) वीतराग देव	बाल (बाल) बाळ-बालक
हर (हर) हर-महादेव.	उवज्झाय (उपाध्याय) उपाध्याय -अध्यापक-गुरु-ओझा
बुद्ध (बुद्ध) बुद्धदेव.	आयरिय (आचार्य) सदाचार-वंत गुरु.
मग्ग (मार्ग) मार्ग-मारग	सिद्ध (सिद्ध) अदेही वीतराग.
कलह (कलह) कलह-कळो	निव (नृप) नृप-राजा
हत्थ (हस्त) हाथ.	बुह (बुध) बुद्धिमान-डाह्यो पुरुष
पाय (पाद) पाद-पग, पायो	पुरिस (पुरुष) पुरुष.
भार (भार) भार.	

---

३६ अग्गि (अग्नि)नुं 'अग्गिणो' रूप सं० 'दण्डिनः' [प्रा० 'दण्डिणो']नुं अनुकरण छे. ए ज प्रमाणे भाणु (भानु) नुं 'भाणुणो' रूप नीपजेलुं छे.

३७ लिंगनी अनियतता, विभक्तिओना अर्थनी अनियतता, एक-वचन बहुवचननी अनियतता-आम अनेक प्रकारनी अनियतता छे.

आइच्च (आदित्य) आदित्य-सूर्य
इंद (इन्द्र) इन्द्र
चंद (चन्द्र) चंद्र.
मेह (मेघ) मे-मेघ-वरसाद
भारवह (भारवह) भार वहनार -मजूर

समुद्द (समुद्र) समुद्र-समुदर
नयण[३८] (नयन) नेण-आंख
कण्ण (कर्ण) कान
महावीर (महावीर) महावीर देव.
जिण (जिन) जय पामनार-वीतराग

मेघ मार्गने सिंचे छे
इन्द्र बुद्धदेवने नमे छे
डाह्यो पुरुष बाळकने पूछे छे
आंखवडे चन्द्रने जोउं छुं
समुद्रने कानवडे सांभळुं छु
बालकना हाथमां चंद्र छे
कलहने छेदो छो
सूर्य तपे छे
राजा मार्गने जाणे छे

सिद्धोने नमो
मजूरो मार्गमां दोडे छे
समुद्रमां चंद्रोने देखीए छीए
बाळको उपाध्यायने पूछे छे
राजाना पगोमां पडुं छुं
वीतराग देव! नमुं छुं
बे बालक बोले छे
समुद्रो गाजे छे
राजा शोभे छे

नमो अरिहंताणं
भारवहो हरं वंदइ
महावीरो जिणो झाअइ
कण्णेहिं सुणेमि
नयणेहिं देक्खामु
भारवहा भारं चिणिज्ज
नमो उवज्झायाणं
समुद्दो खुब्भइ

मेहो समुद्दम्मि पडइ
बाला हत्थे धरिसंति
समुद्दं तरह
हत्थाओ हरं अच्चेमि
नमो आयरियाय
आयरियाण पाए नमाम
बाला कुद्दंति
चन्दो वड्ढइ

---

३८ 'आंख' अर्थने सूचवनारा शब्दो नरजातिमां पण वपराय छे: नयणो, नयणं. लोअणो, लोअणं, (लोचनम्)

पाठ ६ ट्ठो

अकारांत नामनां रूपाख्यानो (नान्यतर जाति)

	एकवचन	बहुवचन	
१	कमल+म्=कमलं (कमलम्)	कमल+णि=कमलाणि कमल+इं=कमलाइं कमल+इँ=कमलाइँ	(कमलानि)
२	,, = ,, (,,)	,, ,, ,,= ,, ,,	(,,)
सं०	कमल ! (कमल !)	,, ,, ,,= ,, ,,	(,,)

तृतीयाथी सप्तमी सुधीनां रूपो

'वीर'नी जेवां जाणवां

१० 'णि' 'इं' 'इँ' प्रत्ययोनी पूर्वना अंगना अंत्य ह्रस्व स्वरनो दीर्घ थाय छे:

कमल+णि=कमलाणि

वारि+इं=वारीइं

महु+इँ=महूइँ

११ संबोधनना एकवचनमां मूळ अंग ज वपराय छे.

नाम [नान्यतरजाति]

नयण (नयन) नेण

मत्थय[३९] (मस्तक) माथुं

नाण (ज्ञान) ज्ञान

चंदण (चन्दन) चंदननुं झाड—झाकडुं

---

३९ शब्दनी अंदरना अने असंयुक्त एवा क, ग, च, ज, त, द, प, ब, य अने वनो प्रायः लोप थई जाय छे:

मस्तक = मत्थय   हृदय = हिअय

नगर = नयर   रिपु = रिउ

वेर ४०(वैर) वेर–वैर

वयण (वचन) वचन–वेण

वयण (वदन) वदन–मुख

णयर
णगर
नगर
नयर } (नगर) नगर–शहेर

मुह (मुख) मुख

पित्त (पित्त) पित्त

सिंग (शृङ्ग) शिंगडुं, शिंगुं

फल (फल) फळ

वण (वन) वन

भायण
भाण } (भाजन) भाजन–भाणुं–पात्र

मंगळ (मङ्गल) मंगल

पास (पार्श्व) पासुं–पडखुं

हियय (हृदय) हृदय–हैयुं

गल (गल) गळुं

पुच्छ (पुच्छ) पूंछडुं–पूंछ

पिच्छ (पिच्छ) पीछुं

मंस (मांस) मांस

अजिण (अजिन) अजिन–चामडुं

भय (भय) भय–भो

चम्म (चर्म) चामडुं

वचन = वयण	विबुह = विउह
गज = गय	वियोग = विओग
रजत = रयय	लावण्य = लायण्ण

यादो—'क' वगेरेनो लोप थया पछी बाकी रहेलो स्वर अवर्ण [अ के आ] होय अने तेनी पूर्वे पण अवर्ण आवेलो होय तो ए बाकी रहेलां 'अ'नो 'य' अने 'आ' नो 'या' प्रायः थइ जाय छे.

४० 'ऐ' ने बदले 'ए' थाय छे:

वैर = वेर शैल = सेल कैलास = केलास

नाम (नरजाति)

सीह } (सिंह)[४१] सिंह
सिंघ }

वग्घ (व्याघ्र) वाघ

सिआल (शृगाल) शिआळ

सीआल (शीतकाल) शीआळो

गय (गज) गज–हाथी

वसह (वृषभ) वृषभ–बळद

ओट्ठ (ओष्ठ) ओठ–होठ

दंत (दन्त) दांत

कुंभार (कुम्भकार) कुंभार

चम्मार (चर्मकार) चमार

हव्ववाह (हव्यवाह) हव्यवाह–अग्नि

कोह (क्रोध) क्रोध

लोह (लोभ) लोभ

दोस (द्वेष) द्वेष

दोस (दोष) दोष

राग (राग) राग–आसक्ति

धातुओ

घड (घट्) घडवु–बनाववुं

जहा (जहा) छोडवुं–त्याग करवो

जागर् (जागर्) जागवुं

भक्ख् (भक्ष) भक्षवुं–खावु–भरखवुं

जाय् (जाय) जावुं–जन्म थवो–उत्पन्न थवुं

सोह् (शोध) शोधवुं–सोवुं–शुद्ध करवुं

परि+क्कम् (परि+क्रम्) परिक्रमण करवुं–परकमवुं–प्रदक्षिणा करवी

इच्छ् (इच्छ) इच्छवुं

रक्ख् (रक्ष) राखवुं–पाळवुं

वह् (वह्) वहेवु–वावुं

---

४१ अनुस्वारथी पर आवेला 'ह' नो विकल्पे 'घ' थाय छे:

सिंह=सिंघ, सीह. संहार=संघार, संहार

विशेषण

लंब (लम्ब) लांबुं

लण्ह (श्लक्ष्ण) नानुं

बज्झ (बाह्य) बहारनुं-बहारनो देखाव

अव्यय

न (न) न

व (वा) वा-अथवा-के

विणा[४२] / विना (विना) विना

सया / सइ (सदा) सदा-हमेशा

सह[४३] (सह) / सद्धिं (सार्धम्) सह-साथे

निच्चं / णिच्चं (नित्यम्) नित्य

वैरथी वैर वधे छे

नगरनी पडखे चंदननुं वन छे

सिंह के वाघथी शिआळ बीवे छे

मांसने माटे सिंहने हणो छो

दांतो माटे हाथीओने मारे छे

लांबा पुरुषनुं पण हृदय नानुं होय छे

बुद्धनी साथे महावीर बोले छे

कुंभार शीआळामां पात्रो घडे छे

वाघने पींछां नथी होता

अग्नि वनने बाळे छे

ज्ञानमां मंगळ छे

महावीरने माथावडे वांदुं छुं

राजाने कान नथी

सिंहना हृदयमां भय नथी

हाथी हाथवडे वनमां फळो खाय छे

चामडा माटे वाघने हणे छे

हाथीओ बळदोथी बीता नथी

सिंहनुं पुंछडुं लांबुं होय छे

आंखमां क्रोधने जोउं छुं

सूर्य के चंद्र भमता नथी

---

४२ 'विणा' के 'विना'नी साथे आवता नामने बीजी, त्रीजी के पांचमी विभक्ति लागे छे:

मेहं विणा. मेहेण विना. मेहाउ विणा

४३ 'सह' के 'सद्धिं' नी साथे आवता नामने त्रीजी विभक्ति लागे छे:

बुद्धेण सह. महावीरेण सद्धिं.

सिंहना गळामां मांस छे
बळदो शिंगडाथी शोभे छे
चमार चामडाने शुद्ध करे छे
मुखवडे वचनो बोलुं छुं

पुरुष नाना होठथी शोभे छे
वरसाद नित्य पडे छे
वरसाद विना वनो सुकाय छे

अजिणाए वहंति वग्घे
फलाइं भायणम्मि सोहंति
वुड्ढा पुरिसा हियये वेरं
न रक्खंति
निवो वणेसु सिंघे वा वग्घे
वा हणइ
सिंघो फलं न खायइ
चंदणस्स वणंसि जामि
कुंभारो नगराओ आगच्छइ
चम्मारो अजिणाए नगरं जाइ
निवस्स मत्थयंमि कमलाणि
छज्जंति

मत्थएण वंदामि महावीरं
वणे गए देक्खह
वसहेसुंतो वसहा जायंति
सीहाहिंतो वग्घो न जायइ
वग्घस्स वा सिंघस्स सिंगं
नत्थि
लोहाओ लोहो वड्ढइ
रागा दोसो जायइ
कोहेण पित्तं कुप्पइ
सीआलंसि पुरिसो सिंगं होइ

पाठ ७ मो

नरजाति

घड (घट) [४४]घडो	**समण** (श्रमण) शुद्धि माटे श्रम करनार–संतपुरुष
नट (नट) नट	**मोक्ख** (मोक्ष) मोक्ष–छूटकारो
पडह (पटह) पडो–ढोल	**वेय** (वेद) ऋग्वेद वगेरे वेद
भड (भट)भड–शूर	**फास** (स्पर्श) स्पर्श
मोह (मोह) मोह–मूढता	**तलाय** [४६](तडाग) तलाव
काय (काय) काय–काया–शरीर	**गरुल** (गरुड) गरुड
सद्द (शब्द) शब्द–साद–अवाज	**खार** / **छार** } (क्षार)[४७] खारो
हरिस (हर्ष) हरख–हर्ष	**खंध** [४८](स्कन्ध) कांध–खांध, भाग, मोटी डाळ
मढ[४५] (मठ) मढी–मठ–संन्यासीओनुं रहेठाण	**पोक्खर** (पुष्कर) पोखर–तळाव
सढ (शठ) शठ–लुच्चो	
कुढार (कुठार) कुठार–कुहाडो	
पाढ (पाठ) पाडो–आंकनो पाडो–पाठ	

---

४५ शब्दनी अंदरना असंयुक्त 'ट' नो 'ड' थाय छे:

घट–घड   नट–नड

४६ शब्दनी अंदरना असंयुक्त 'ठ'नो 'ढ' थाय छे:

मठ–मढ   पाठ–पाढ

४७ शब्दनी अंदरना असंयुक्त 'ड' नो 'ल' थाय छे:

तडाग–तलाय   गरुड–गरुल

४८ शब्दनी आदिना 'क्ष'नो क्यांय 'ख' के 'छ' थाय छे अने शब्दनी अंदरना 'क्ष' नो क्यांय 'क्ख' के 'च्छ' थाय छे.

क्षीर – खीर, छीर.   क्षय – खय, छय.
क्षेत्र – खेत्त, छेत्त.   मोक्ष – मोक्ख, मोच्छ
अक्षि – अक्खि, अच्छि.   लक्षण–लक्खण, लच्छण

४९ शब्दनी आदिना 'स्क' नो के 'ष्क' नो 'ख' थाय छे अने शब्दनी अंदरना 'स्क' नो के 'ष्क' नो 'क्ख' थाय छे:

स्कन्ध – खंध   स्कन्द – खंद
पुष्कर – पुक्खर–पोक्खर   शुष्क – सुक्ख

खय (क्षय) खे–क्षय
कोस (कोश) कोह–पाणी काढवानो कोश, खजानो
पाण (प्राण) प्राण–जीव
गंध (गन्ध) गंध
काम (काम) काम–तृष्णा–इच्छा
अप्पाण (आत्मन्) आत्मा–पोते–आप

नान्यतर जाति

जल (जल) जळ पाणी
रयय (रजत) रजत–रूपु
गीअ / **गीत** (गीत) गीत, गाएलु
मित्त (मित्र) मित्र
दुक्ख (दु:ख) दुःख
सुक्ख (सौख्य) सुख
चारित्त (चारित्र) सच्चारित्र–सद्वर्तन
सीस (शीर्ष) शीष–माथुं
गुत्त (गोत्र) गोत्र–वंश
गहण (ग्रहण) ग्रहण करवानुं साधन
पंजर (पञ्जर) पांजरु
सील (शील) सदाचार
लावण्ण / **लायण्ण** (लावण्य) लावण्य–कांति
रसायल (रसातल) रसातल–पाताल.
कुम्पल / **कुंपल** [४९] (कुड्मल) कुंपळ–फणगो
रुप्प (रुक्म)[५०] रूपुं
जुम्म / **जुग्ग** [५१] (युग्म) युग्म–जोडु
कम्म (कर्म) काम–कार्य–सारी नरसी प्रवृत्ति
घाण (घ्राण) घ्राण–नाक–सुंघवानुं साधन
सयढ (शकट) छकडो–गाडु–शकट

---

४९ 'ड्म' नो प्प थाय छेः कुड्मल = कुंपल
५० 'क्म नो 'प्प' थाय छेः रुक्म=रुप्प. रुक्मिणी=रुप्पिणी
५१ 'ग्म' नो विकल्पे 'म्म' थाय छेः
युग्म = जुम्म, जुग्ग. तिग्म = तिम्म, तिग्ग

पद } (पद) पद–पगलुं
पय }

जुग (युग) धोंसरुं

